બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું
ધોરણ સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૦૬-એમઆર-૧૫-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- .૧૦.૨૦૦૭
10 OCT 2007

**વંચાણે લીધાઃ-**

શિક્ષણ વિભાગનો તા. ૩૦.૬.૯૯ નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૯૯-૭૪૧(૧)-ગ.
શિક્ષણ વિભાગનો તા. ૨.૭.૯૯ નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ.

**આમુખ :-**

વિભાગના તા. ૩૦.૬.૯૯ ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અનુદાન સહાયના સુધારેલ ધોરણો નક્કી કરવામાં આવેલ. આ ઠરાવના અમલની તારીખ બાદ અને ખાસ કિસ્સામાં ગ્રાન્ટેડમાં ફેરવવામાં આવેલ બિન આદિજાતિ વિસ્તારની તમામ નવી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ( ગ્રાન્ટેડ શાળાઓ) ને પગાર ભથ્થાની ગ્રાન્ટ પેટે પ્રથમ ત્રણ વર્ષ માટે ૧૦૦ ટકા, ચોથા વર્ષે ૭૫ ટકા અને પાંચમા વર્ષથી ૬૦ ટકા અનુદાન સહાય સરકાર ધ્વારા ચુકવવાનું નક્કી થયેલ, ત્યારબાદ છઠ્ઠા વર્ષથી આ ગ્રાન્ટનું પ્રમાણ ૬૦ ટકાના ધોરણે ચાલુ રાખવાનું નક્કી થયેલ. જયારે આ નીતિ હેઠળ આવરી લેવાયેલ આદિવાસી વિસ્તારની શાળાઓમાં ચોથા વર્ષે ૮૫ ટકા અને પાંચમા વર્ષે ૭૫ ટકા પ્રમાણે પગાર ભથ્થાની ગ્રાન્ટ સરકાર તરફથી આપવાનું નક્કી થયેલ. તા. ૩૦.૬.૯૯ બાદ જે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેબલ થયેલ છે તે પૈકી બિનઆદિવાસી વિસ્તારમાં શરુ થયેલ શાળાઓમાં ૬૦ ટકા પગાર ભથ્થાની ગ્રાન્ટ સરકાર ધ્વારા ચુકવવા અને ૪૦ ટકા પગાર ભથ્થાના ખર્ચની રકમ વિધાર્થીઓ પાસેથી શિક્ષણ ફી તરીકે લઇ શકશે તેવી જોગવાઇ અમલમાં છે. તે જ રીતે આદિવાસી વિસ્તારમાં શરુ થયેલ નવી ગ્રાન્ટેડ શાળાઓએ ચોથા વર્ષે ૧૫ ટકા અને ત્યાર પછી ૨૫ ટકા પ્રમાણેની રકમ વિધાર્થીઓ પાસેથી ફી તરીકે મેળવવાની રહેશે તેવી જોગવાઇ પણ અમલમાં છે. પરંતુ, બિન આદિજાતિ વિસ્તારની તથા આદિજાતિ વિસ્તારની જે શાળાઓ ૩૦.૬.૯૯ પછી નવી ગ્રાન્ટનીતિ હેઠળ આવેલ છે તેના વિધાર્થીઓ અનુક્રમે ૪૦ ટકા તથા ૨૫ ટકાના પ્રમાણમાં શિક્ષણ ફી ભરી શકતા ન હોવાનું સરકારશ્રીના ધ્યાને આવતાં, તા. ૩૦.૬.૯૯ પછી ગ્રાન્ટપાત્ર ઠરાવેલ અંદાજીત ૩૬૫ શાળાઓ તથા હવે પછી ગ્રાન્ટપાત્ર કરવામાં આવનાર બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે તા. ૩૦.૬.૯૯ ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ અનુદાન સહાયનું ધોરણ સુધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે તા. ૩૦.૬.૯૯ ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે અનુદાન સહાયના જે ધોરણો નક્કી કરવામાં આવેલ છે તેમાં નીચે મુજબ ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. તા. ૩૦.૬.૯૯ ના ઠરાવ બાદ ગ્રાન્ટપાત્ર ઠરેલ ૩૬૫ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા હવે પછી આ નીતિ હેઠળ ગ્રાન્ટપાત્ર ઠરાવવામાં આવનાર શાળાઓના શૈક્ષણિક તથા

બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે પગાર ભથ્થાની ૧૦૦ ટકા ગ્રાન્ટ જુન- ૨૦૦૮ થી સહાયક અનુદાન તરીકે મળવાપાત્ર થશે.

૨. તા. ૩૦.૬.૯૯ ના ઠરાવ બાદ ગ્રાન્ટપાત્ર ઠરેલ ૩૬૫ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કોઇ એરીયર્સ મળવાપાત્ર રહેશે નહીં.

૩. રાજ્યની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા. ૧.૪.૨૦૦૫ કે ત્યારબાદ પુરા પગારમાં નિયમિત નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવે છે. આવા કર્મચારીઓના કિસ્સામાં રાજ્ય સરકાર તરફથી એમ્પ્લોયર કોન્ટ્રીબ્યુશન તરીકે ૮.૩૩ ટકા ગ્રાન્ટ જ મળવાપાત્ર થશે.

૪. બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે તા. ૨.૭.૯૯ ના ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ થી કરવામાં આવેલ શાળાઓના વર્ગીકરણ મુજબ (૧) ૫ વર્ગ સુધીની શાળાને વર્ગ દીઠ માસિક રૂા. ૧૮૦૦ (૨) ૩૦ વર્ગ સુધીની શાળાને વર્ગ દીઠ માસિક રૂા. ૧૫૦૦ અને (૩) ૩૦ થી વધુ વર્ગ વાળી શાળાઓને વર્ગ દીઠ માસિક રૂા. ૧૦૦૦ ઇતર ખર્ચ અને મકાન ભાડા પેટે મળવાપાત્ર રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૭.૧૦.૨૦૦૭ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ.એમ.ગામીત )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧. માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી )
૨. માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ ( પત્રથી )
૩. માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૭. કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
૮. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
૯. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ - રાજકોટ.
૧૦. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર - અમદાવાદ.
૧૧. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર - અમદાવાદ.
૧૨. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૩. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
૧૪. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
૧૫. સંબંધિત સરકાર માન્ય સંઘો
૧૬. સીલેકટ ફાઇલ.